જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૧/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૧૭૭ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૪૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૬ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૯ કેસ કરી ૪૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૧૦,૩૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૯/૨૦૨૬**

ઈસનપુરઃ દિલીપકુમાર મફતલાલ ઠક્કર (ઉ.વ.૬૫)(રહે.રત્નદિપ સોસાયટી જયકૃષ્ણ સોસાયટી પાછળ વેદાંત સ્કુલ રોડ ઈસનપુર) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૧/૨૦૨૬ બપોરના ૧/૦૦ થી તા.૦૪/૦૧/૨૦૨૬ સવારના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાની ચેઈન કિમત રૂપિયા ૫૫,૦૦૦/–, સોનાની લકી કિમત રૂપિયા ૫૦,૦૦૦/–, સોનાની બુટી કિમત રૂપિયા ૩,૦૦૦/–, સોનાની વીંટી કિમત રૂપિયા ૫૦,૦૦૦/– તથા દોઢ કિલો ચાંદીના ચોરસ બિસ્કિટ અને સિક્કા કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/–, ચાંદીનો અખંડ દિવો કિમત રૂપિયા ૫,૦૦૦/– તેમજ પિત્તળના ૨૦ પૈસાના મુલ્યના ૨૦૦ સિક્કા કિમત રૂપિયા ૪૦/– અને રોકડ રૂપિયા ૬,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૯,૧૩,૦૪૦/– મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.એસ.જાડેજા ચલાવે છે.

પાણી સમજી ભુલથી ફિનાઇલ પી લેતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૨૦/૨૦૨૬**

પાલડીઃ નટવરભાઇ પુંજાભાઇ પરમાર (ઉ.વ.૬૧)(રહે.ત્રિકમલાલની ચાલી, વિકાસગૃહ રોડ, પાલડી)એ તા.૦૨/૦૧/૨૦૨૬ કલાક ૦૦/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પાણીયારા પાસે એક બોટલમા ફિનાઇલ રાખેલ હતુ જ્યાં નટવરભાઇ પાણી પીવા જતા અંધારામા પાણીની બોટલ સમજી ભુલથી ફિનાઇલની બોટલમાંથી એક–બે ઘુંટ ફીનાઇલ પી લેતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૪/૦૧/૨૦૨૬ બપોરના ૨/૧૫ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પિયુશકુમાર નાથાભાઇ ચલાવે છે.

ચાલુ ટ્રેઇનમાંથી પડી જતાં મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૨૧/૨૦૨૬**

સરખેજઃ પ્રતાપસિંહ મણીરામ ચૌહાણ (ઉ.વ.૫૯)(રહે.ટાવર ચોક, ગણપતિ મંદીર, ઘંઘુકા) નાઓ તા.૦૪/૦૧/૨૦૨૬ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા સરખેજ સનાથલ બ્રીજ રેલવે ટ્રેક પોલ નંબર– ૨૫/૧૬ થી ૨૫/૧૭ વચ્ચેના ભાગે ચાલુ ટ્રેઇનમાંથી આકસ્મીક રીતે નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રતિક્ષાબહેન રાજેશભાઈ ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૨૨/૨૦૨૬**

વટવા જીઆઇડીસીઃ મંજનકુમાર રામવિલાસ યાદવ (ઉ.વ.૩૭)(રહે.જોગણી માતાના મંદીર પાસે નવી વસાહત જશોદાનગર) તા.૦૪/૦૧/૨૦૨૬ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે વટવા જીઆઇડીસી ફેઝ–૪, પ્લોટ નંબર–૫૫૦૩/૪ ખાતે આવેલ "યોગી ઇન્ડસ્ટ્રીઝ" નામની કંપનીમાં કામ કરતા હતા ત્યારે કંપનીમાં આવેલ ચેનલ મંજનકુમારના પીઠના ભાગે પડતા, ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને રતન હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉક્ટર શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જી.જે.જાડેજા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૨૩/૨૦૨૬**

અમરાઈવાડીઃ અજીતભાઇ સંતોષભાઇ પીલ્લઇ (ઉ.વ.૧૮)(રહે.આશાદીપનગર લાલ બંગ્લા, અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૧/૨૦૨૬ રાતના ૧૦/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હિતેષભાઇ ગોવીંદભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી